# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૯-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## પ્રધાનમંત્રી-રશિયા :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાની મુલાકાતના બીજા દિવસે રાષ્ટ્રપતિ પુતિન સાથે શિખર મંત્રણામાં ભાગ લીધો હતો.આ દરમિયાન પુતિને કહ્યું, 'યુક્રેન સંકટનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરવા બદલ અમે તમારા આભારી છીએ.

પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે,એક મિત્ર તરીકે મેં હંમેશા કહ્યું છે કે યુદ્ધના મેદાનમાંથી શાંતિનો માર્ગ નીકળતો નથી. બોમ્બ,બંદૂક અને ગોળીઓ વચ્ચે શાંતિ શક્ય નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ક્રેમલિનમાં વિશ્વ યુદ્ધ દરમિયાન શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી.આ પછી તે રશિયાના એટમ પેવેલિયન પહોંચ્યા હતા. તેને રશિયન ન્યુક્લિયર ટેકનોલોજીનું હબ કહેવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી-મત્સ્ય દિવસ :

આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આણંદ ખાતે અને 11મી જૂલાઈના રોજ ઉકાઈ ખાતે રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ ઊજવવામાં આવશે.આ

ઉજવણી દરમિયાન વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે,જેમાં ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી અંગે માછીમારોને જાણકારી આપવામાં આવશે.

જળચર ઉછેરના વ્યવસાય સાથે સંકળાયેલી દરેક વ્યક્તિને સહકાર અને સહયોગ પ્રદર્શિત કરવા માટે ભારતમાં દર વર્ષે 10 જૂલાઈના રોજ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવે છે.

**RNU અમદાવાદ**

---

## મુખ્યમંત્રી-ડીજીટલ અર્થતંત્ર :

રાજ્યના સાયન્સ અને ટેકનોલૉજી વિભાગ તથા ઇન્ટેલ કોર્પોરેશન વચ્ચે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ રેડિનેસ અંગે ગાંધીનગર ખાતે ભાગીદારી કરાર થયા હતા.આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ભાગીદારીથી ડિજિટલ અર્થતંત્રમાં નવીનીકરણ અને રોકાણનું કેન્દ્ર બનવાનાં ગુજરાતનાં પ્રયત્નોને વેગ મળશે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ :

આગામી ત્રણ દિવસમાં ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે કેટલાંક ભાગોમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અન ગાજવીજ વરસાદની શક્યતા છે.કચ્છ જીલ્લામાં બપોરે ભારે ઉકળાટ બાદ વરસાદી ઝાપટાં આવતા વાતાવરણમાં પલટો આવ્યો છે.જીલ્લા કંટ્રોલ રૂમ પરથી મળતી માહિતી મુજબ આજે સાંજે ૬

વાગ્યા સુધી અબડાસામાં ૨૫,ભચાઉમાં ૨૦,રાપરમાં ૧૬,નખત્રાણામાં ૧૨ મીમી જયારે ભુજમાં ૧ મિમી વરસાદ પડ્યાના અહેવાલ છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ:ગેરકાયદે સિગારેટ :

કચ્છ જીલ્લાના સામખિયાળીથી કુરિયર વેનમાં ગેરકાયદે વિલાયતી સિગારેટનો શંકાસ્પદ જથ્થો સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો.કુલ 3.70 લાખની સિગારેટ સાથે ટેમ્પો સહિત કુલ રૂ.8.82 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયેલા આરોપીની અટકાયત કરી સાયબર ક્રાઇમની ટીમે સામખીયાળી પોલીસના હવાલે કર્યા છે.આ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## કચ્છ યુનિવર્સીટી અભ્યાસક્રમ :

કચ્છ યુનિવર્સિટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ હસ્તક ચાલતાં અભ્યાસક્રમો પૈકી M.com સેમ-1 તથા MBA(ઈન્ટીગ્રેટેડ) સેમ-1 માં ખાલી રહેતી જગ્યાઓ માટે વિદ્યાર્થીઓ ઓફલાઇન ફોર્મ ભરી શકશે. તથા કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ.કોલેજો માટે GCAS પોર્ટલ પર ભરેલા ફોર્મ મુજબ બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી કચ્છ યુનિવર્સિટીના ઇ બ્લોકમાં આવતીકાલે 10 જુલાઇના યોજવામાં આવનાર છે.એવું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## કચ્છ-ટપાલ વિભાગ :

કચ્છમાં ટપાલ વિભાગ દ્વારા જીવન વીમાની કામગીરી માટે ડાયરેક્ટ એજન્ટ અને ફિલ્ડ ઓફિસર નિમવામાં આવનાર છે.જે માટે આગામી 16 જુલાઈ મંગળવારના સવારે 10:30 થી બપોરે 1 કલાક સુધી ઇન્ટરવ્યુ રાખવામાં આવ્યું છે.ઈચ્છુક ઉમેદવારોએ જરૂરી આધાર પુરાવા સાથે હાજર રહેવાનું રહેશે.એવું કચ્છ પોસ્ટ વિભાગના અધિક્ષકની અખબારી યાદીમાં જણાવાયુ છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## ટી-૨૦ મેચ :

**ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં શ્રેણીની ત્રીજી અને અંતિમ T-20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.**

**RNU અમદાવાદ**

---

## ભુજ-ભૂગર્ભજળ કાર્યશાળા :

વર્તમાન સમયે ભારત સહિતના દેશો માટે ભૂગર્ભજળનો પ્રશ્ન વિકટ બનતો દેખાઈ રહ્યો છે.કચ્છ જેવા પ્રદેશને જો સમૃધ્ધ બનાવવો હશે તો ભૂગર્ભજળના સુચારુ વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રીત કરવું જ પડશે તેવો સુર ભુજ ખાતે આયોજીત કાર્યશાળામાં અગ્રણીઓ દ્વારા વ્યકત કરવામાં આવ્યો છે.`અસરકારક ભૂગર્ભજળ વ્યવસ્થાપનમાં સ્થાનિક આગેવાનોનો ફાળો' એ વિષય સાથે કચ્છ યુનિ.ના કોર્ટ હોલમાં આયોજીત આ કાર્યશાળામાં પ્રજાકિય પ્રતિનિધિઓ, ગ્રામ્ય સ્વરાજ સંસ્થા અને

વ્યકિતગત સ્તરે આ માટે જે પ્રયાસો હાથ ધરાયા છે તેનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.

**NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------